જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૩૦/૦૪/૨૦૨૩ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૮૭ લીટર દેશી દારૂ, ૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૩ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન, ૦૧ કાર, ૦૨ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૭૦૪/૨૦૨૩

**સેટેલાઇટઃ** મુકેશકુમાર મદનલાલ દોશી (ઉ.વ.૫૮)(રહે.હાસ ચોક્સી બઝાર, ઉમરેઠ તા.ઉમરેઠ જી.આણંદ) એ તા.૨૯/૦૪/૨૦૨૩ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૩ થી તા.૨૮/૦૪/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી "ગ્રેસીયસ હોલી ડે ફર્મ" નિરલ ઉર્ફે જીમી તરૂણભાઇ પારેખ (રહે.શિવાની એપાર્ટમેન્ટ, સહજાનંદ કોલેજ પાછળ આઝાદ સોસાયટી આંબાવાડી) એ મુકેશભાઇ તથા અન્ય સાહેદો ને કેનેડા રિટર્ન ટીકીટ કન્ફર્મ કરી આપવાનો વિશ્વાસ આપી, તમામ પાસેથી RTGS દ્વારા અલગ-અલગ સમયે કુલ રૂપિયા ૧૫,૯૬,૦૦૦/- મેળવી લઇ નાસી જઇ તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** હીરેનભાઇ ગજેન્દ્રપ્રસાદ પંડ્યા (ઉ.વ.૫૧)(રહે.સ્ટેટ્સ-૨, સામ્રાજ્ય ટાવર સામે, માનવમંદીર, મેમનગર) એ તા.૨૯/૦૪/૨૦૨૩ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૩ થી તા.૨૨/૦૪/૨૦૨૩ વોટસએપ નંબર ૯૭૩૦૧૭૬૧૭૮ ના ધારકે હીરેનભાઇને ફોન કરી પોતાની ઓળખ “સરકારી લોન ફાયનાન્સર” તરીકે આપી, હીરેનભાઇને વિશ્વાસમાં લઇ કુલ એંશી લાખની લોન મંજુર કરાવી આપવાનુ કહી, અલગ-અલગ બહાને હીરેનભાઇ પાસેથી કુલ રૂપિયા ૧,૬૦,૯૯૨/- મેળવી લઇ, હીરેનભાઇને કોઇ લોન નહીં આપી તેમજ રૂપિયા પણ પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી આર.જે.ચૌધરી ચલાવે છે.

**<u>ઘરફોડ:-</u>** **<u>સમાચાર યાદી નં.૭૦૫/૨૦૨૩</u>**

**સોલા હાઇકોર્ટઃ** મહેશકુમાર હરીલાલ ચંદારાણા (ઉ.વ.૭૦)(રહે,શીવનગર ચાણક્યપૂરી બ્રિજની પાસે, ઘાટલોડીયા)એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૩ રાતના ૧૧/૩૦ થી તા.૨૯/૦૪/૨૦૨૩ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, મકાનમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.સાધૂ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૦૬/૨૦૨૩</u>**

**બાપુનગરઃ** કિરણકુમાર વિઠ્ઠલભાઈ પટેલ (ઉ.વ.૩૯)(રહે,શ્રીનાથ એવન્યુ દિપક સાયકલની બાજુમાં રઘુનાથ હિન્દી હાઈસ્કુલ ની પાસે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર રઘુનાથ હિન્દી હાઈસ્કુલની પાસે આવેલ “દિપક સાયકલ” ની સામે રોડ ઉપર પોતાના મિત્ર સાથે ચાલતા પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) કિરણકુમારના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા તેમજ સાહેદ ભાવદિપ સગર તા.૨૮/૦૪/૨૦૨૩ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર એપ્રોચ સ્વામીનારાયણ રોડ જલસાગર ફ્લેટ સામે પત્ની સાથે પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભેગામળી ભાવદિપ સગરના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**પર્સ ઝુંટવી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૭૦૭/૨૦૨૩**

**મણીનગરઃ** ગીતાબહેન વા/ઓ સુનીલભાઇ બોગમ (ઉ.વ.૪૨)(રહે. ગુ.હા.બોર્ડ સરસ્વતી સ્કુલની બાજુમા નવા બાપુનગર) એ તા.૨૯/૦૪/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૨૩ રાતના ૯/૨૦ વાગ્યાના સુમારે મણીનગર રેલ્વે ક્રોસીંગ પાસે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગીતાબહેનના પાસેનુ પર્સ ખેંચી ઝુંટવી નાસી ગયા હતા. આ પર્સમાં રોકડ રૂપિયા ૨,૦૦૦/- અને સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- મુકેલ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૦૮/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** પિન્ટુભાઈ નવીનભાઈ દરજી (ઉ.વ.૩૫)(રહે.સેક્ટર-૦૬, ચાણક્યપુરી) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૪/૨૦૨૩ સવારના ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનુભા જેઠુભા ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** ભરતભાઇ રણછોડભાઇ રાઠોડ (ઉ.વ.૪૩)(રહે.વસંત રજબ ક્વાર્ટર, જગદિશ પાર્ક સામે બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૪/૨૦૨૩ સવારના ૧૧/૧૫ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ પશ્ચીમ તરફના ભાગે એન.આઇ.ડી. પાછળ સી.ડી.નંબર-૪૮૪૮ પાસે વોક-વે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ (૧)** નરોતમ બબાભાઇ સોલંકી (ઉ.વ.૩૪)(રહે.શ્રીનાથ એપાર્ટમેન્ટ વ્યાસવાડીની પાછળ નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૪/૨૦૨૩ સવારના ૮/૧૦ વાગ્યા સુભાષબ્રીજ રીવરફ્રન્ટ ગાર્ડનની પાછળ ઘાટ નંબર-૦૪ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ હેમતસિંહ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ (૨)** મોહમદઆરીફ મોહમદહનીફ શેખ(ઉ.વ.૩૫)(રહે.અલબસરપાર્ક સદાની ધાબી વટવા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૪/૨૦૨૩ બપોરના ૧૨/૫૦ વાગ્યા માસ્તર કોલોની પાછળ ઘાટ નંબર-૭ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ હેમતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી